# પ્રજાના હક્ક-અધિકાર માટે કોંગ્રેસ તમામ મોરચે લડશે

## પક્ષમાં જોડાયેલાઓને આવકારતા અહેમદ પટેલ : ગુજરાત સરકાર ગરીબોની મશ્કરી કરે છે : મોઢવાડીયા તલાટી માટે ૧૫ લાખ અરજી અયોગ્ય વહીવટનો નમૂનો

અમદાવાદ, તા.૧૫

આખિલ ભારતીય કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહમદ પટેલે કોંગ્રેસ પક્ષમાં આજે જોડાયેલા વિવિદ ક્ષેત્રના સામાજિક આગેવાનોને આવકાર સાથે ખાતરી આપી હતી કે કોંગ્રેસ પક્ષમાં જોડાઈ રહેલા લાલજીભાઈ દેસાઈ, રાજુભાઈ પુરોહિત, કુલદિપ સગર, પ્રવિણ આલ, શેખ ફરઝાના, અફરોઝ બેગ, કવલ પટેલ, શીવાભાઈ ચૌધરી, ધીરૂભાઈ ભીમાણી સહિતના અનેક આગેવાનો વર્ષોથી સંઘર્ષ કરી રહ્યા છે ત્યારે કોંગ્રેસ પક્ષમાં તેમના જોડાવાથી કોંગ્રેસ પક્ષની અને તેમની સામાજિક લડતને બેવડી શક્તિ મળશે. સામાન્ય માણસના કલ્યાણ માટે કોંગ્રેસ પક્ષ હરહંમેશા પ્રતિબ્ધ છે. ગુજરાતમાં ૧૭ કૌભાંડોમાં ૧ લાખ કરોડ કરતા વધુનો ભ્રષ્ટાચારમાં ગળાડૂબ ભાજપ સરકાર દેશમાં ભ્રષ્ટાચાર સામે લડવાની સુફિયાણી વાતો કરી રહી છે અને ગુજરાતમાં ઉદ્યોગપતિઓને મફતના ભાવે જમીનોની લ્હાણી કરવામાં આવે છે. દશ લાખ કરતા વધુ ખેડૂતો વર્ષોથી વીજ જોડાણ માટે રાહ જોઈને બેઠા છે. નર્મદાનું પાણી હોવા છતાં નાગરીકોને પીવાનું પાણી મળતું નથી અને ખેડૂતો




સિંચાઈ માટે પણ પાણી મળતું નથી અને બીજા બાજુ રોજ નવી નવી જાહેરાતો કરીને પ્રજાને ગુમરાહ કરવામાં આવે છે. કોંગ્રેસ પક્ષ લોકોના પ્રશ્નો માટે અગાઉ પણ જનઆંદોલન જોડાઈને લોકોના પ્રશ્નોને વાચા આપી છે અને ભવિષ્યમાં પણ લોકોના હક્ક અને અધિકાર માટે કોંગ્રેસ પક્ષે જે લડાઈ લડવી પડશે તે લડત લડશે.


એક નું નહીં સૌનું રાજ સ્વરાજ કૂચમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરીકોને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકાર રોજ જુઠ્ઠાણુ ફેલાવી રહી છે. દરેક વિભાગમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થાય છે.

કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગઈ છે. દલિત-આદિવાસીઓ પર દિન-પ્રતિદીન અત્યાચારમાં વધારો થઈ રહ્યો છે. ખેડૂતોને આત્મહત્યા કરવી પડી રહી છે છતાં સરકારના પેટનું પાણી પણ હલતું નથી. ભાજપ સરકારના શાસનમાં ૨૫ લાખ કરતા વધુ શિક્ષિત બેરોજગારો લાંબા સમયથી નોકરી માટે રાહ જોઈ રહ્યા છે. ૩૮ લાખ ગરીબી રેખા નીચે પરિવારો જીવન વ્યતીત કરી રહ્યા છે જ્યારે સરકાર તેમને હક્ક આપવાને બદલે ગરીબી રેખા માટેના માપદંડો જાહેર કરીને ગરીબોની ક્રુર મજાક કરી રહી છે. કોંગ્રેસ પક્ષ સામાજિક ક્ષેત્રે કામ કરતાં વિવિધ સમુદાયના લોકોને આવકારે છે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ૧૫૦૦ તલાટીની ભરતી માટે ૧૫ લાખ યુવાનો અરજી કરે એ ગુજરાત સરકારનો વહીવટ અને વિકાસનો નમૂનો છે. ગુજરાતમાં બહેન-દિકરીઓ પર અત્યાચાર થાય છે. ૬૦ હજાર નાના અને મધ્યમ કદના ઉદ્યોગો બંધ થવાથી લાખો શ્રમજીવીઓની રોજી રોટી છીનવાઈ ગઈ છે. શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, સિંચાઈનું પાણી, વીજળી સહિત અને મુદ્દે ભાજપ સરકાર નિષ્ફળ ગઈ છે. શિક્ષકોને પગાર આપવા માટે આ સરકાર પાસે નાણાં નથી અને બીજી બાજુ મુખ્યમંત્રી પ્રસિદ્ધી માટે સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયા વેડફી રહ્યા છે.

**વડીલોને વંદન**

**અભિનંદન**



દિલીપકુમાર જયંતિલાલ તલાટી
(૧૯૩૪) ફોન: ૨૩૨૨૪૮૪૪



લાલજીભાઈ જગમાલભાઈ ટાંક
(૧૯૩૧) ફોન: ૨૩૨૨૪૩૫૯

## બિનભાજપા કાર્યકર્તાઓની 'મોદી બનાઓ' સંકલ્પયાત્રા

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આજે ગાંધીનગર આવેલા ''મોદી બનાઓ'' -સંકલ્પયાત્રાના ૪૦ જેટલા લઘુમતી સમૂદાયોના કાર્યકર્તાઓએ મૂલાકાત લઈને ભારતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાનપદે પ્રસ્થાપિત કરવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો.

દિલ્હીથી કન્યાકુમારી સુધીની આ ''મોદી બનાઓ'' સંકલ્પયાત્રાના સંયોજક અશોક જ્યોર્જ અલ્પસંખ્યક નેતા છે અને તેમના નેતૃત્વમાં લઘુમતી સમૂદાયોના બિનભાજપા કાર્યકર્તાઓ શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન બનશે તો કોમ-ધર્મ કે જાત-પાત સંપ્રદાયના ભેદભાવ વગર સૌનો વિકાસ થશે તેવો સંદેશો ભારતના વિવિધ રાજયોના અલ્પસંખ્યક પરિવારોમાં ગૂંજતો કરશે એમ જણાવ્યું હતું.

અલ્પસંખ્યક આ યાત્રિકોમાં સુશ્રી અલકા અને સુશ્રી રજની સર્વપંથ સમભાવની કાવ્ય રચનાઓ યાત્રા વિરામસ્થાનોએ પ્રસ્તુત કરે છે જે અત્યંત લોકપ્રિય બની છે.

મુખ્યમંત્રીશ્રીએ આ અલ્પસંખ્યક વર્ગોના દેશને જોડવાના સૌહાર્દ-સંકલ્પને માટે શુભેચ્છા આપી હતી.

## ગાંધીનગરમાં આવતીકાલથી બે દિવસીય ઈન્ડીયન સીડ કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૧૫

એસોસીએશન ઓફ ઈન્ડીયા જે ૨૦૦૭માં સ્થપાયેલી એપેક્ષ ઓર્ગેનાઈઝેશન છે. અને આ સંસ્થાનો હેતુ ભારતના ખેડૂતોને ઉચ્ચ ક્વોલીટીના, આંતરરાષ્ટ્રીયસ્તરના, નવા સંશોધિત બિયારણ આપવા માટેનો છે. સાથે સાથે આ ઈન્ડસ્ટ્રીઝનો રાષ્ટ્રીય સ્તરે વિકાસ થાય તે માટે મિશન NSAI - રીસર્ચ અને ડેવલપમેન્ટ તેમજ સીડ ઈન્ડસ્ટ્રીઝની પોલીસીની નિર્ણાયાત્મક ભૂમિકા માટે આ સંસ્થા સ્થાપવામાં આવી છે.

ઈન્ડીયન કોંગ્રેસ(૨૦૧૪) અંગે માહિતી આપતા આ ઈવેન્ટના કો-ચેરમેન શ્રી એન.પી. પટેલ અને કન્વીનર શ્રી મનીષ વઘાસીયાએ જણાવ્યું હતું કે આ પ્રકારનો આ પાંચમો રાષ્ટ્રીય સેમિનાર છે. જેને આ




ઈન્ડસ્ટ્રીઝનો મેગા ઈવેન્ટ પણ કહી શકાય જે આગામી તારીખ ૧૮ અને ૧૯ ફેબ્રુઆરીના રોજ મહાત્મા ગાંધી મંદિર ગાંધીનગર ખાતે યોજાનાર છે. જેનું મૂળ સુત્ર છે, 'સીડ્સ ફોર વાઈબ્રન્ટ એગ્રીકલ્ચર'

આ ઈવેન્ટ ગુજરાત સ્ટેટ સીડ્સ પ્રોડ્યુસર્સ એસોસીએશનના સહયોગથી ગુજરાતમાં પ્રથમ વખત યોજવામાં આવી રહેલ છે. આ કોન્ફરન્સમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએથી ૭૦૦ જેટલા ડેલીગેટ્સ ભાગ લેશે. જેમાં સીડ ઉત્પાદન, સંશોધન અને નવી ટેકનોલોજીને ધ્યાનમાં લઈ ખેડૂતના હીતને મહત્વ આપી ચર્ચાઓ કરવામાં આવશે. આ મેગા ઈવેન્ટમાં એક્ઝીબીશન, સ્ટોલ, ટ્રેડીંગ ટેબલનું પણ આયોજન કરેલ છે. જેથી આ ક્ષેત્રની તમામ કંપનીઓ નેટવર્કથી પરસ્પર બીઝનેસ ડેવલપમેન્ટ માટે સંપર્ક કરી શકે. કારણકે ભારત એ વિશ્વનું સૌથી મોટુ બિયારણ ઉત્પાદન માટેનું સેન્ટર ગણાય છે. આવી સ્થિતિમાં વિશ્વના બજાર સામે ટકવા માટે આ પ્રકારના સેમિનાર દ્વારા આધુનિકરણની વાતને વેગ આપવામાં આવશે.

## આજે તલાટી માટે પરીક્ષાને પગલે ઉમેદવારોમાં ઉત્તેજના

અમદાવાદ, તા.૧૩

તલાટીની પરીક્ષાને લઈને ઉમેદવારોમાં જોરદાર ઉત્તેજના ફેલાયેલી છે. ગુજરાત રાજ્ય મહેસૂલ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં આવતીકાલના દિવસે ઓએમઆર પદ્ધતિથી તલાટી માટેની લેખિત પરીક્ષા લેવામાં આવનાર છે. રાજ્યના ૧૩ લાખથી વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. પરીક્ષા માટેના ઓનલાઈન કોલ લેટર રાજ્યસરકાર દ્વારા પહેલાથી જ મુકી દેવામાં આવ્યા છે. રાજ્યમાં ૧૫૦૦ તલાટીકમ મંત્રીની ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આના માટે રાજ્યભરમાંથી ઉમેદવારોએ અરજી કરી છે. આમાંથી યોગ્ય ઉમેદવારોને અલગ કરવાના હેતુસર આવતીકાલે લેખિત પરીક્ષા લેવામાં આવનાર છે. આવતીકાલે યોજાનાર પરીક્ષામાં પરીક્ષા સ્થળ માટે સરકારી વસાહતની પાછળ સોલા રોડ અમદાવાદ એવું સરનામુ લખાઈ ગયા બાદ આને લઈને ઉમેદવારો મુંઝવણમાં મુકાઈ ગયા હતા. વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણરીતે પરીક્ષા આપી શકે તે માટે પૂરતી તૈયારી કરી લેવામાં આવી છે. આ વખતે તલાટીની પરીક્ષા માટેના કોલ લેટરમાં છબરડા સપાટી પર આવ્યા બાદ હોબાળો મચી ગયો હતો. છબરડાના ભાગરૂપે વિદ્યાર્થીઓના પરીક્ષાસ્થળમાં સ્પષ્ટતા થઈ રહી ન હતી. પરીક્ષા કોઈ પણ ગેરરીતિને ટાળવા માટે પણ તમામ તૈયારી સંબંધિત વિભાગ દ્વારા કરવામાં આવી છે.

## સસ્તા સીએનજી-પીએનજી મળશે

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

(જીએસપીસી) કેન્દ્ર સરકારના અંડર ટેકિંગ ગેઈલ સાથે સમજૂતિ કરવાના અંતિમ તબક્કામાં છે. સૂત્રોનું કહેવું છે કે ચાર દિવસની અંદર જ આ સમજૂતિ પર હસ્તાક્ષર કરી દેવામાં આવશે. જીએસપીસીએ પહેલાથી જ મોટા સપ્લાયર અદાણી ગેસ સાથે એક સમજૂતિ કરેલી છે જેથી જીએસપીસી અને અદાણી ગેસ બંને એક સપ્તાહની અંદર જ કિમતોમાં ઘટાડો કરી શકે છે. રાજ્યના ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગના પ્રધાન સૌરવ પટેલે પણ આ અંગેનો સંકેત આપ્યો છે. ગેઈલ અને કેન્દ્ર સરકાર સાથે ગેસની કિમત ઘટાડવાના મુદ્દે વાતચીત કરવા જીએસપીસીને સૂચના આપવામાં આવી ચુકી છે. ગેઈલ દ્વારા ઘટાડવામાં આવેલા દરે દિલ્હીમાં ગેસ પૂરવઠો ઉપલબ્ધ કરાવવાની તૈયારી કરી દેવાઈ છે. અમે ગેઈલ દ્વારા સપ્લાય રિન્યુ કરવામાં આવ્યા બાદ તરત જ નવા રેટની જાહેરાત કરીશું. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં રાજ્યસરકારે ગેસ કિંમતોમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. અગાઉ સુપ્રીમ કોર્ટે સીએનજી અને પીએનજીના પુરવઠા માટે તેની માંગની તરફેણ કરી હતી. ઈમ્પોર્ટેડ ગેસને બદલે એપીએમથી પૂરવઠો ઉપલબ્ધ કરાવવાની માંગણીની તરફેણ કરાઈ હતી. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ તરફથી આદેશ આપવામાં આવ્યો હોવા છતાં ગેઈલે એપીએમ હેઠળ નક્કી કરવામાં આવેલા ૮૦ ટકા કરતા પણ છ ટકા ઓછો ગેસ ઉપલબ્ધ કરાવ્યો છે. જો આ વિવાદને ઉકેલી લેવામાં આવશે તો લોકોને વધારે ફાયદો થશે.

## ઉમેદવારો બદવાલાના સંકેતો

● *અનુસંધાન છેલ્લાનું ચાલુ*

હાઈકમાન્ડે શરૂ કરી દીધી છે. તેથી લાગી રહ્યું છે કે સૌરાષ્ટ્રનું ચૂંટણી ચિત્ર રોમાંચક બનશે.

ગુજરાતમાં ગત ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં કુલ ૨૬ બેઠકમાંથી ભાજપને ૧૫ અને કોંગ્રેસને ૧૧ બેઠકો મળી હતી. ગત ઈલેક્શનમાં ભાજપને સૌરાષ્ટ્રમાં મોટો ફટકો પડ્યો હતો. સૌરાષ્ટ્રની કુલ સાત બેઠકમાંથી કોંગ્રેસને ચાર બેઠક મળી હતી જ્યારે ભાજપને ત્રણ બેઠક મળી હતી તેથી ભાજપ ગત ચૂંટણીમાં થયેલ ખોટને સરભર કરવા એડીચોટીનું જોર લગાવશે. આ વખતે ગત ઈલેક્શનમાં હારેલા ઉમેદવારોને રિપીટ કરે તેવી સંભાવના ઓછી છે. ભાજપની વાત કરીએ તો સૌરાષ્ટ્ર-કચ્છની કુલ આઠ બેઠકમાંથી ચાર બેઠક ગુમાવી હતી. જેમાં ભાજપના રાજકોટથી ઉમેદવાર કિરણ પટેલનો કોંગીના કુંવરજી બાવળીયા સામે પરાજય થયો હતો. વિઠ્ઠલ રાદડીયા સામે મનસુખ ખારીયા હારી ગાય હતા, જામનગરમાં વિક્રમ માડમ સામે રમેશ મુંગરાની હાર થઈ હતી અને સોમા ગાંડા પટેલ સામે લાલજી મેર પરાજય પામ્યા હતા તેથી ભાજપની ઉપરોક્ત ચાર બેઠક પર હારેલા ઉમેદવાર રિપીટ નહીં તેથી ઉપરોક્ત બેઠકો ઉપર નવા ચહેરાને સ્થાન મળશે.

ભાજપના જૂનાગઢના સાંસદ દિનુ સોલંકી સામે ફોજદારી કાર્યવાહી ચાલતી હોવાથી અન્ય ઉમેદવારને ઉભા રાખવા પડશે કોંગી વિઠ્ઠલ રાદડીયા હાલ ભાજપમાં જોડાઈ ગયા છે તેથી તેમને ટિકીટ મળવાના પૂરા ચાન્સ છે. બીજી તરફ કોંગ્રેસ પણ ગત લોકસભા ઈલેકશનમાં હારેલા ઉમેદવારોને રીપીટ નહીં કરે, કચ્છમાં ભાજપના પૂનમબેન જાટ સામે ચૂંટણીમાં હારેલા વાલજી દાણિયાને સ્થાને અન્ય ચહેરો મુકાશે. જૂનાગઢમાં પણ જશા બારડને રીપીટ નહીં કરાય તેમની જગ્યાએ જવાહર ચાવડા સહિતના નામો ચર્ચામાં છે. અમરેલીમાં હારેલા ઉમેદવાર નીલાબેન ઠુમરને ટિકીટ ન અપાય તો તેને સ્થાને નવો ચહેરો આવશે. ભાવનગરમાં પણ મહાવીરસિંહ ગોહિલનું પત્તુ કપાશે. રાજકોટમાં કુંવરજી બાવળીયાને રીપીટ કરવાની સંભાવના છે. હાલ લોકસભા ઈલેક્શનને ગણતરીના મહિના બાકી રહ્યા છે અને સૌરાષ્ટ્ર-કચ્છમાં રાજકીય વાતાવરણ હમણાથી ગરમ થઈ ગયો છે. આગામી લોકસભા ઈલેક્શનમાં બંને પક્ષો કોઈ કસર છોડવા માંગતા નથી.

## રાજ્યના ૨૪ આઈપીએસ અધિકારીની બદલીઓ સાત આઈપીએસ અધિકારીઓને બઢતી મળી

અમદાવાદ, તા.૧૫

લોકસભાની ચૂંટણી અગાઉ રાજ્યના ગૃહવિભાગે આજે ૨૪ આઈપીએસ અધિકારીઓની જુદી-જુદી જગ્યાએ બદલીઓના આદેશ બહાર પાડ્યા છે જે પૈકી સાત આઈપીએસ અધિકારીઓને બઢતી આપી બદલી કરવામાં આવી છે. જે પોલીસ અધિકારીઓની બદલીઓ કરવામાં આવી છે તેમની આ મુજબ છે :

| અધિકારીનું નામ | ક્યાંથી | ક્યાં |
|---|---|---|
| વિપુલ વિજોય | એડી. ડીજીપી અને ડાયરેક્ટર સ્ટેટ પોલીસ એકેડેમી, કરઈ | એડી. ડીજીપી (ટેકનિકલ સર્વિસ), ગાંધીનગર |
| ડો. મીરા શ્રીનિવાસન | જોઈન્ટ પોલીસ કમિશ્નર એડમીન, અમદાવાદ શહેર | ડિઆઈજી, સીઆઈડી ક્રાઈમ-ફ ગાંધીનગર. |
| વી.કે. માલી | આઈજીપી, ટેકનિકલ સર્વિસ ગાંધીનગર | આઈજીપી, દલીલો અને પછાતો પર અત્યાચાર નિવારણ શાખા, ગાંધીનગર |
| સંજયસિંહ વાસ્તવ | જોઈન્ટ પોલીસ કમિશ્નર હેડ ક્વાર્ટર, અમદાવાદ શહેર | આઈજીપી સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો, ગાંધીનગર |
| મનોજ અગ્રવાલ | આઈજીપી સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો, ગાંધીનગર | જોઈન્ટ પોલીસ કમિશ્નર હેડ ક્વાર્ટર, અમદાવાદ શહેર |
| વિજય ગૌતમ | આઈજીપી (સિક્યોરીટી-સીવીઓ) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ, વડોદરા | આઈજીપી (રેલ્વે), ગાંધીનગર |
| બી.એસ. જેબલીયા | જોઈન્ટ પોલીસ કમિ. સેક્ટર-૧ સુરત શહેર | આઈજીપી કોસ્ટલ સિક્યોરીટી, ગાંધીનગર |
| વિકાસ સહાય | ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, રક્ષાશક્તિ યુનિવર્સિટી, અમદાવાદ | જોઈન્ટ પોલીસ કમિ. સ્પે. બ્રાન્ચ, અમદાવાદ |
| સી.આર. પરમાર | આઈજીપી કોસ્ટલ સિક્યોરીટી ગાંધીનગર | જોઈન્ટ પોલીસ કમિ. સેક્ટર-૧, સુરત શહે |
| કે.કે. ઓઝા | ડીઆઈજી, આર્મ્ડ યુનિટ, ગાંધીનગર | બઢતી સાથે આઈજીપી, ગાંધીનગર. |
| આર.જે. સવાની | ડેપ્યુટી ઈન્સ્પેકટર (રેલ્વે), ગાંધીનગર | ડીઆઈજી, સિક્યોરીટી એન્ડ સીવીઅઓ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ, વડોદરા |
| એન.ડી. સોલંકી | ડેપ્યુટી પોલીસ કમિ. ઝોન-૨ સુરત શહેર | કમાન્ડન્ટ એસઆરપીએફ ગ્રુપ-૧૧ સુરત |
| એમ.ડી. જાની | પોલીસ સુપ્રિટેન્ડન્ટ (એમટી) સેક્શન, ગાંધીનગર | ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ટ્રાફીક, અમદાવાદ |
| સચિન બાદશાહ | ડેપ્યુટી પોલીસ કમિશ્નર (ક્રાઈમ) વડોદરા, શહેર | ડેપ્યુટી પોલીસ કમિશ્નર ઝોન-૨, સુરત શહેર |
| ડી.એચ. પરમાર | ડેપ્યુટી પોલીસ કમિશ્નર ટ્રાફીક, અમદાવાદ શહેર | પોલીસ સુપ્રિટેન્ડન્ટ (એમટી સેક્શન), ગાંધીનગર |
| દિવ્ય મિશ્રા | પોલીસ સુપ્રિ. પૂર્વ, ગાંધીધામ | ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૩, અમદાવાદ |
| એમ.એલ. નીનામા | ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૨, અમદાવાદ શહેર | કમાન્ડન્ટ એસઆરપીએફ ગ્રુપ-૧૩, રાજકોટ |
| એન.એન. ચૌધરી | ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૩, અમદાવાદ શહેર | પોલીસ સુપ્રિ. બોટાદ જિલ્લો. |
| અંતરિપ સુદ | આસિ. પોલીસ સુપ્રિ. ભાવનગર | બઢતી સાથે, ડેપ્યુટી પોલીસ કમિશ્નર (ક્રાઈમ), સુરત શહેર |
| દિપક મેઘાણી | આસિ. પોલીસ સુપ્રિ. વિસનગર | બઢતી સાથે, પોલીસ સુપ્રિ. કચ્છ, પૂર્વ ગાંધીનગર |
| મહેન્દ્ર બાગરીયા | આસિ. પોલીસ સુપ્રિ. એટીએસ અમદાવાદ | બઢતી સાથે, ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૨, અમદાવાદ |
| નિર્લીપ્ત રાય | આસિ. પોલીસ સુપ્રિ., સરખેજ, અમદાવાદ | બઢતી સાથે, ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૭, અમદાવાદ |
| જયપાલસિંગ રાઠોર | આસિ. પોલીસ સુપ્રિ., જૂનાગઢ | બઢતી સાથે, ડેપ્યુટી પોલીસ કમિશ્નર, (ક્રાઈમ) વડોદરા શહેર |
| કે.એ. નીનામા | પોલીસ સુપ્રિ. સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર | બઢતી સાથે, કમાન્ડન્ટ એસઆરપીએફ, ગ્રુપ-૧૮, કેવડીયા કોલોની |

## લક્ષ્મીપુરાથી કલોલ કંપા રોડ રિસરફેસ કરવાની માંગ

લક્ષ્મીપુરા, તા. ૧૫


ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરાથી કલોલકંપા સુધીના ધોરીમાર્ગ પ્રજાનો માથાનો દુઃખાવો બની ગયો છે. માર્ગને રીશરફેસ કરવાનું કામ અધુરૂ છોડી દેતા વાહનચાલકો અને રાહદારીઓની હાલાકી વધી જવા પામી છે. માર્ગનું કામ ઝડપથી પુરૂ કરવામાં આવે તેવી તીવ્ર માંગ ઉઠવા પામી છે.

ખેડબ્રહ્મા, વિજયનગરને જોડતો લક્ષ્મીપુરાથી કલોલ કંપા સુધીના ૪ કિલોમીટર સુધીના રોડની હાલત અત્યંત દયનીય બની જવા પામી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ માર્ગ ઉપર પોલીશ લગાવવાનું કામ તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. રોડ ઉપર મોટા-મોટા ખાડા પડી ગયા છે અને મોટી કપચી બહાર ફેલાઈ ગઈ છે. જેના કારણે અકસ્માત થવાની સંભાવના રહેલી છે.

રોડ ઉપર રાજસ્થાન, વિજયનગર અને ખેડબ્રહ્મા તરફથી આવતા ભારી અને નાના વાહનોની અવરજવર વધુ રહે છે. જેનાથી ધૂળની ડમરીઓ ઉડતી હોય છે અને આના કારણે રોડ સાઈડના ખેતરોમાં મોટા પાયે નુકશાનીથી ખેડૂતોની હાલત પણ દયનીય બની ગઈ છે.

તાલુકાના લોકોએ તંત્ર સમક્ષ પોતાનો મિજાજ બતાવ્યો છે. અને આ સમસ્યાનો ઝડપથી નિરાકરણ લાવવામાં નહિ આવે તો જન આંદોલન કરવામાં આવશે.

## શબ્દાવલી - ૫૩૧૫




**આડી ચાવી**

૧. તમીઝ વિનાનું (૫)
૫. વૃદ્ધાવસ્થા, થોડુંક (૨)
૭. કળા, આવડત (૩)
૮. વાંધો, શંકા કરવાપણું (૪)
૯. સૂર્ય, રવિ (૩)
૧૦. વહુ, પત્ની (૨)
૧૩. સૌરાષ્ટ્રનું એક શહેર (૫)
૧૫. દૂધની એક વાનગી (૩)
૧૬. કાપીને મારી નાખવું તે(૨)
૧૮. અધમ કૃત્ય કરનાર માણસ (૪)
૧૯. સરોવર કે નદીમાંથી ખોદેલો મોટો કાંસ (૩)

**ઊભી ચાવી**

૧. જુદા જુદા રૂપ લેનાર (૪)
૨. દિવસ (૨)
૩. ઝોળી, પેટ (૪)
૪. અંતર આત્મા, સ્વમાન(૩)
૫. ભીડ, જમાવ, ભરાવો (૩)
૬. રક્ષા, રક્ષાબંધને બહેન ભાઇને... બાંધે (૩)
૧૧. મનને ગમે તેવું (૫)
૧૨. ધરા, ધરતી-જમીન (૪)
૧૪. રહેવાસી, રહેનાર (૪)
૧૫. 'પર'નો એક શબ્દમાં (૩)
૧૭. ખાવાની વસ્તુ બાળ ભાષામાં (૨)

**શબ્દાવલી ૫૩૧૪ના જવાબ**

***આડી ચાવી :-*** (૧) મલેરિયા (૩) આવન (૬) કમકમી (૭) સમર (૮) રવેશ (૧૧) નીણ (૧૩) રમણીય (૧૪) નર (૧૫) નવિન (૧૬) કરણ (૧૭) પગરવ (૧૯) પરખ (૨૦) તમસ

***ઊભી ચાવી :-*** (૧) મનોહર (૨) રિક્ત (૩) આમરણ (૪) વક (૫) નમી (૬) કમનીય (૯) વેરવિખેર (૧૦) નમન (૧૨) કારણ (૧૪) નરવસ (૧૬) કરમ (૧૮) ગત

**ટચૂકડી જાહેર ખબર**

**ભાડે / વેચાણ**

સે.૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ સેક્ટરમાં ભાડે લેવા, વેચાણ આપવા - લેવા માટે સંપર્ક કરો.

મો. : ૯૮૨૫૫૪૪૮૧૧

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**
(ગવર્નમેન્ટ ઓફ ગુજરાત એન્ડર ટેકીંગ)

(બીજો પ્રયત્ન)

**ટુંકી મુદતની જાહેર નિવિદા**

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી., ગાંધીનગરની કચેરી દ્વારા અત્રેની કચેરીમાં સ્થિત કુલ ૨ પ્રીન્ટરના સ્પેર પોર્ટસના ભાવો કેનન ઓથોરાઈઝ્ડ ડીલર પાસેથી મંગાવવામાં આવે છે. નીચેની વિગતે ભાવો તમામ ટેક્ષ સહિત ભરવાના રહેશે.

| મોડલ નં. | પાર્ટસની વિગત | ભાવ પ્રતિ નંગ (રૂ.માં) |
|---|---|---|
| IR 2318 | Developing sleeve unit No. 1 | |
| IR 2318 | Roller, Feed No. 1 | |
| IR 2318 | Roller, Feed No. 1 | |
| IR 2318 | NPG 28 Drum Unit No. 1 | |
| IR 3180 | Belt, Transfer No. 1 | |

૧. દર્શાવેલ સ્પેર પાર્ટસના ભાવો ઈન્સ્ટોલેશન સાથેના રહેશે.
૨. ભાવો કચેરીને નીચેના સરનામે તા. ૧૭/૨/૧૪ સુધીમાં રજી.પો.એ.ડી./ કુરીયરથી મળી જાય તેમ મોકલી આપવાના રહેશે.

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**
ભોંયતળીયે, નિર્માણ ભવન, સેક્ટર નં.૧૦એ, ગાંધીનગર.
ફોન : ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫

માહિતી/૨૫૭૨/૧૩-૧૪

**ચિલ્ડ્રન યુનિવર્સિટી**
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-૨૦, ગાંધીનગર

**કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે**

અત્રેની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી સર્વ આનુષાંગિક સમગ્રતયા કામગીરીની (ફાઈલ મુવમેન્ટ, કચેરીઓમાં ટપાલ મોકલવી વર્ગ-૪ પટાવાળાની, બાગકામ તથા સફાઈ કામની) 'કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા' પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી. પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૩-૦૦ કલાક વચ્ચે તા. ૩-૩-૨૦૧૪ સુધીમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૧-૩-૨૦૧૪ના રોજ ૧૨.૦૦ કલાકે કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત કચેરીને તા. ૫-૩-૨૦૧૪ના રોજ સાંજે ૩.૦૦ કલાકે સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે. વધુ વિગતો વેબસાઈટ [illegible] પરથી મળશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૦/૨/૨૦૧૪
રજીસ્ટ્રાર
માહિતી/૨૫૭૧/૧૩-૧૪